ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA
An International Multidisciplinary Research e-Journal

# પોરબંદર જિલ્લાના કૃષિક્ષેત્રનો સંક્ષિપ્ત અભ્યાસ

હાજા ડી. ઓડેદરા

એમ. એ., એમ. ફિલ.

## પ્રસ્તાવના

પોરબંદર જિલ્લામાં દ્રિતીય ક્ષેત્ર, તૃતિય ક્ષેત્ર કરતાં પ્રાથમિક ક્ષેત્રનો પ્રભુત્વ વધારે પ્રમાણમાં જોવા મળે છે. જેમાં ખાસ કરીને કૃષિક્ષેત્રનું મહત્વ વધારે જોવા મળે છે. પ્રસતુતુ સંશોધન અભ્યાસમાં પોરબંદર જિલ્લાના કૃષિક્ષેત્રના પાક સિવાયના મહત્વના ઘણા બધા પાસાઓને ધ્યાનમાં રાખીને આ સંશોધન અભ્યાસ હાથ ધરવામાં આવેલ છે. જેમાં કુલ વાવેતર વિસ્તાર, સિંચિત વિસ્તાર, ખેડૂતોની માહિતી, કૃષિક્ષેત્રે રોજગારી, ધિરાણની સવલત, માર્કેટિંગ યાર્ડ વગેરે પાસાઓને ધ્યાનમાં રાખીને આ સંશોધન હાથ ધરવામાં આવ્યો છે. જે આ પ્રમાણે છે.

## સમસ્યાકથન

પોરબંદર જિલ્લામાં કૃષિક્ષેત્રનું પ્રભુત્વ વધારે જોવા મળે છે. પોરબંદર જિલ્લાની મોટાભાગની વસ્તી કૃષિક્ષેત્ર સાથે જોડાયેલી છે અને પોરબંદર જિલ્લામાં આ વસ્તીની ઘણી બધી આવક કૃષિક્ષેત્રમાંથી પ્રાપ્ત થાય છે. છતાં પણ કૃષિક્ષેત્રમાં ઘણી બધી સમસ્યા રહેલી છે. જેવી કે સિંચાઈની સમસ્યા, રોજગારીની સમસ્યા, માર્કેટિંગ યાર્ડની સમસ્યા, નાના ખેડાણ ઘટકો, ઓછું ધિરાણ આગેરે સમસ્યા છે. જેની વિગતે સ્પષ્ટતા આ પ્રમાણે છે.

## સંશોધનના હેતુઓ

1. પોરબંદર જિલ્લામાં કૃષિક્ષેત્રે પ્રાપ્ત થતી રોજગરીનો અભ્યાસ કરવો.
2. પોરબંદર જિલ્લામાં કૃષિક્ષેત્રે કુલ વાવેતર વિસ્તાર, ચોખ્ખો વાવેતર વિસ્તાર અને સિંચિત વિસ્તારનો અભ્યાસ કરવો.
3. પોરબંદર જિલ્લામાં કૃષિક્ષેત્રે અપાયેલ ધિરાણનો અભ્યાસ કરવો.

## સંશોધન અભ્યાસ પધ્ધતિ

પ્રસ્તુત સંશોધનમાં વર્ણનાત્મક સંશોધન પધ્ધતિ દ્વારા અભ્યાસ કરવામાં આવ્યો છે અને ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

## સંશોધનનું અભ્યાસ ક્ષેત્ર

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં પોરબંદર જિલ્લાના કૃષિક્ષેત્રનો અભ્યાસ પસંદ કરવામાં આવ્યો છે.

## સંશોધન અભ્યાસનું મહત્વ

પોરબંદર જિલ્લાના કૃષિક્ષેત્રના વિવિધ પાસઓ જેવા કે, કૃષિક્ષેત્રે રોજગારી, સિંચાઈ વિસ્તાર, ધિરાણની સવલતો, વાવેતર વિસ્તાર વગેરેની સામાન્ય માહિતી આમ આદમી અને વિવિધ સંસ્થાઓ અથવા સરકારને સહેલાઇથી જાણવા માટે આ સંક્ષિપ્ત અભ્યાસ મહત્વનો બની રહેશે.

## માહિતી એકત્રીકરણ અને વિશ્લેષણ

### પોરબંદર જિલ્લામાં કુલ વાવેતર વિસ્તાર અને ચોખ્ખો વાવેતર વિસ્તાર

(00' હેકટરમાં )

| વર્ષ | કુલ વાવેતર વિસ્તાર | ચોખ્ખો વાવેતર વિસ્તાર |
|---|---|---|
| ૨00૩-0૪ | ૧૩૪0 | ૧૧૯૩ |
| ૨00૮-0૯ | ૧૫૪૨ | ૧0૯૨ |
| ૨0૧૪-૧૫ | ૧૯૩૯ | ૧૨૩૪ |
| ૨0૧૮-૧૯ | ૨૪૫૫ | ૧૩૫૭ |

સ્ત્રોત : season and crop report, Directorate of Agriculture, Gujarat state

ઉપરોક્ત કોષ્ઠકમાં પોરબંદર જિલ્લામાં કુલ વાવેતર વિસ્તાર અને ચોખ્ખો વાવેતર વિસ્તારનું પ્રમાણ દર્શાવવામાં આવેલ છે. જેમાં ૨0૧૮-૧૯ માં સૌથી વધારે ૨0૪૫ (00'હેક્ટર) જેટલું જોવા મળ્યું છે. વર્ષ ૨00૩-0૪માં સૌથી ઓછો કુલ વાવેતર વિસ્તાર ૧૩૪0 (00'હેક્ટર) જેટલું જોવાં મળ્યું છે. ચોખ્ખો વાવેતર વિસ્તાર વર્ષ ૨0૧૮-૧૯ માં સૌથી વધારે ૧૩૫૭ (00'હેક્ટર) અને સૌથી ઓછો ચોખ્ખો વાવેતર વિસ્તાર વર્ષ ૨00૮-0૯ માં ૧0૯૨ (00'હેકટર) જવા મળે છે. પોરબંદર જિલ્લામાં પાક વાવેતર વિસ્તારમાં કુલ વાવેતર વિસ્તાર અને ચોખ્ખો વાવેતર વિસ્તારની આવી સ્થિતિ જોવા મળી છે.

## પોરબંદર જિલ્લામાં સિંચિત વિસ્તાર

| વર્ષ | ચોખ્ખા વાવેતર વિસ્તારની સામે ચોખ્ખો સિંચિત વિસ્તાર (%) | કુલ વાવેતર વિસ્તારની સામે કુલ સિંચિત વિસ્તાર (%) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૧૭.૯૦ | ૨૮.૬૭ |
| ૨૦૧૦-૧૧ | ૪૬.૪૫ | ૫૩.૯૧ |
| ૨૦૧૧-૧૨ | ૫૦.૩૮ | ૪૮.૫૩ |
| ૨૦૧૪-૧૫ | ૩૧.૬૯ | ૫૩.૧૫ |
| ૨૦૧૫-૧૬ | ૩૯.૪૪ | ૪૨.૭૯ |
| ૨૦૧૭-૧૮ | ૫૯.૪૭ | ૫૪.૯૮ |

સ્ત્રોત : ઋતું અને પાક અહેવાલ, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીની કચેરી, પોરબંદર

ઉપરોક્ત કોષ્ટકમાં ચોખ્ખા વાવેતર વિસ્તારની સસમે ચોખ્ખો સિંચિત વિસ્તાર (%) અને કુલ વાવેતર વિસ્તારની સામે કુલ સિંચિત વિસ્તાર (%) દર્શાવે છે. જે પૈકી પોરબંદર જિલ્લામાં વર્ષ પ્રમાણે ૨૦૧૧-૧૨ માં ચૉઈકહખો વાવેતર વિસ્તારની સામે ચોખ્ખો સિંચિત વિસ્તાર ૫૦.૩૮% સૌથી વધુ અને ૨૦૦૯-૧૦ માં ૧૭.૯૦% સૌથી ઓછો જોવા મળે છે તેમજ કુલ વાવેતર વિસ્તારની સામે કીઉલ સિંચિત વિસ્તાર વર્ષ ૨૦૧૭-૧૮ માં સૌથી વધુ ૫૯.૯૮% જોવા મળે છે, અને વર્ષ ૨૦૦૯-૧૦ માં ૨૮.૬૭% સૌથી ઓછું જોવા મળે છે.

## પોરબંદર જિલ્લામાં કૃષિક્ષેત્રે રોજગારી

| વર્ષ | | ખેડૂતો | | | | | ખેતમજૂરો | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | વ્યક્તિઓ | પુરુષ | | સ્ત્રીઓ | | વ્યક્તિઓ | પુરુષ | | સ્ત્રીઓ | |
| | | | સંખ્યા | ટકાવારી | સંખ્યા | ટકાવારી | | સંખ્યા | ટકાવારી | સંખ્યા | ટકાવારી |
| ૨૦૦૧ | કુલ | ૬૮૭૩૭ | ૪૩૭૪૯ | ૬૩.૬૪ | ૨૪૫૮૮ | ૩૫.૭૭ | ૪૦૨૮૫ | ૨૦૭૬૬ | ૫૧.૫૪ | ૧૦૫૧૯ | ૪૮.૪૫ |
| | ગ્રામ્ય | ૬૫૦૧૪. | ૪૧૨૨૯ | ૬૩.૪૧ | ૨૩૭૮૫ | ૩૬.૫૩ | ૩૬૧૧૦ | ૧૮૪૫૧ | ૫૧.૦૯ | ૧૭૬૫૯ | ૪૮.૯ |
| | શહેરી | ૩૭૨૩ | ૨૫૨૦ | ૬૭.૬૫ | ૧૨૦૩ | ૩૧.૩૧ | ૪૧૭૫ | ૨૩૧૫ | ૫૫.૪૪ | ૧૮૬૦ | ૪૪.૫૫ |
| ૨૦૧૧ | કુલ | ૫૪૮૦૭ | ૪૪૯૭૧ | ૮૦.૨૨ | ૯૮૩૬ | ૧૭.૯૧ | ૩૬૨૭૮ | ૨૪૮૭૮ | ૬૮.૫૭ | ૧૧૪૦૦ | ૩૧.૪૨ |
| | ગ્રામ્ય | ૫૧૧૭૪ | ૪૧૯૮૬ | ૮૨.૦૪ | ૯૧૮૮ | ૧૭.૯૫ | ૩૦૭૧૬ | ૨૧૧૬૨ | ૬૮.૮૯ | ૯૫૫૪ | ૩૧.૧ |

**સ્રોત : જિલ્લાની આંકડાકીય રૂપરેખા વર્ષ ૨૦૧૬-૧૭, પોરબંદર**

ઉપરોક્ત કોષ્ટકમાં પોરબંદર જિલ્લામાં કૃષિક્ષેત્રે રોજગારી દર્શાવવામાં આવી છે. કૃષિક્ષેત્રમાં બે પ્રકારે રોજગારી પ્રાપ્ત થાય છે. એક તો ખેડૂતો રોજગારી મેળવે અને બીજા ખેતમજૂરો પણ તેમાંથી રોજગારી મેળવતા હોય છે. તો હવે આપણે વર્ષવાર જોઈએ તો વર્ષ ૨૦૦૧ માં પોરબંધર જિલ્લામાં ખેડૂતો તરીકે કૃષિક્ષેત્રમાંથી ૬૩.૬૪% પુરુષો અને ૩૫.૭૭% સ્ત્રીઓ રોજગારી મેળવતી હતી અને તેજ વર્ષમાં ખેતમજૂર તરીકે પુરુષો ૫૧.૫૪% અને સ્ત્રીઓ ૪૮.૪૫% રોજગારી મેળવતી હતી. ખેડૂતોની રોજગારીમાં સ્ત્રી-પુરુષમાં ઘણી બધી અસમાનતા જોવા મળે છે. જ્યારે ખેતમજૂરોમાં રોજગારીની બાબતમાં અસમાનતા ઓછી અથવા તો નહિવત જોવા મળે છે. ૨૦૧૧ માં ખેડૂત તરીકે રોજગારી મેળવતા પુરુષો ૮૦.૨૨% અને સ્ત્રીઓ ૧૭.૯૬% છે. ૨૦૦૧ ની સરખામણીમાં ખેડૂત તરીકેની રોજગારીમાં સ્ત્રી-પુરુષમાં મોટાં પ્રમાણમાં અસમાનતા જોવા મળે છે. અને ૨૦૧૧ માં ખેતમજૂરના પુરુષો ૬૮.૫૭% અને સ્ત્રીઓ ૩૧.૪૨% રોજગારી મેળવે છે. તેમાં પણ ૨૦૦૧ ની સરખામણીએ સ્ત્રી-પુરુષની રોજગારીની બાબતમાં અસમાનતામાં ખૂબ જ વધારો થાય છે. પોરબંદર જિલ્લામાં કૃષિક્ષેત્રે રોજગારીની બાબતમાં આવી સ્થિતિ જોવા મળે છે.

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research e-Journal

## પોરબંદર જિલ્લામાં કૃષિધિરાણ

(રકમ ૦૦૦' રૂ.)

| | ૨૦૦૯ | | ૨૦૧૦ | |
|---|---|---|---|---|
| | A/C | રકમ | A/C | રકમ |
| પ્રત્યક્ષ ધિરાણ | ૨૭૬૭૦ | ૧૬૬૫૪૫૭ | ૧૯૦૧૯ | ૨૨૪૮૧૧૩ |
| પરોક્ષ ધિરાણ | ૧૭૫ | ૫૩૨૫૪ | ૨૧૩ | ૫૮૦૮૪ |

સ્ત્રોત : District Census Handbook, Porbandar

ઉપરોક્ત કોષ્ટકમાં પોરબંદર જિલ્લામાં કૃષિધિરાણની વાત કરવામાં આવી છે. પોરબંદર જિલ્લામાં વર્ષ ૨૦૦૯ માં પ્રત્યક્ષ ધિરાણ થયેલા ખાતાની સંખ્યા ૨૭૬૭૦ હતી અને પરોક્ષ ધિરાણ થયેલ ધિરાણની સંખ્યા ૧૭૫ છે. પ્રત્યક્ષ ધિરાણ કરતાં પરોક્ષ ધિરાણનું પ્રમાણ ઓછું જોવા મળે છે. તથા ૨૦૧૦ માં પ્રત્યક્ષ ધિરાણ અને પરોક્ષ ધિરાણ બંનેના ખાતાની સંખ્યા અને ધિરાણની રકમમાં ૨૦૦૯ કરતાં વધારો થયેલ જોવા મળે છે. જે ખેતી ક્ષેત્ર માટે અનુકૂળ બાબત ગણાવી શકાય છે.

### સંશોધન અભ્યાસના તારણો

1. સંશોધનના અંતે એવું તારણ જાણવા મળે છે કે પોરબંદર જિલ્લામાં કૃષિક્ષેત્રે વર્ષ ૨૦૦૧-૦૨ થી વર્ષ ૨૦૦૩-૦૪ ની સરખામણીમાં વર્ષ ૨૦૧૦-૧૩ થી વર્ષ ૨૦૧૪-૧૫ માં કુલ વાવેતર વિસ્તારમાં ૪૪.૭૦%ની વૃધ્ધિ જોવા મળે છે. અને ચોખ્ખા વાવેતર વિસ્તારમાં ૩.૪૩% ની વૃધ્ધિ જોવા મળે છે. તેવી જ રીતે ચોખ્ખા વાવેતર વિસ્તારની સામે ચોખ્ખા સિંચિત વિસ્તારમાં પણ વર્ષ ૨૦૦૯-૧૦ ની સરખામણીમાં વર્ષ ૨૦૧૫-૧૬ માં ૨૧.૫૪% નો વધારો થાય છે. એટલે કે પોરબંદર જિલ્લામાં કુલ વાવેતર વિસ્તાર, ચોખ્ખો વાવેતર વિસ્તાર અને સિંચાઇના પ્રમાણમાં વધારો થાય છે.
2. પોરબંદર જિલ્લામાં ખેતીક્ષેત્રમાં વર્ષ ૨૦૦૧ ની સરખામણીમાં વર્ષ ૨૦૧૧ માં ખેડૂત પુરુષોના પ્રમાણમાં ૧૬.૬૮%નો વધારો થાય છે. અને ખેડૂત સ્ત્રીઓના પ્રમાણમાં ૧૭.૮૧% નો ઘટાડો થાય છે. તથા ખેતમજૂરની દ્રષ્ટિએ રોકાયેલા પુરુષોની સંખ્યામાં ૧૭.૩%નો વધારો થાય છે અને સ્ત્રીઓના પ્રમાણમાં ૧૭.૩%નો ઘટાડો થાય છે.
3. પોરબંદર જિલ્લામાં વર્ષ ૨૦૦૯ ની સરખામણીમાં વર્ષ ૨૦૧૦ માં પ્રત્યક્ષ ધિરાણમાં ૩૪.૯૮%ની વૃધ્ધિ

થાય છે અને પરોક્ષ ધિરાણમાં ૯.૦૬%ની વૃધ્ધિ થાય છે.

4. પોરબંદર જિલ્લામાં ખેતીક્ષેત્રે અભ્યાસ કરતાં એવું સ્પસ્ટ તારણ ઉતરી આવે છે કે મોટાંભાગોના પાકોના કુલ વાવેતર વિસ્તાર, સિંચિત વિસ્તાર, પાકોના વાવેતર વિસ્તાર, ઉત્પાદન, ઉત્પાદકતા આ બધાની વર્ષવાર આંકડાકીય માહિતી તપાસતા ખ્યાલ આવે છે કે તેમ વધારો થાય છે. પરંતુ સમસ્યા એ છે કે નાના ખેડાણ ઘટકોનું વધતું પ્રમાણ, ઓછા બજારોની સંખ્યા, સ્ત્રીઓની ઓછી શ્રમ ભાગીદારી આ સમસ્યાઓ પોરબંદર જિલ્લામાં કૃષિ વિકાસમાં અવરોધરૂપ સાબિત થઈ શકે છે.

## અભ્યાસની મર્યાદાઓ

1. પ્રસ્તુત સંશોધન અભ્યાસ પોરબંદર જિલ્લા પૂરતો સીમિત છે.
2. પ્રસ્તુત સંશોધન અભ્યાસ ફક્ત કૃષિક્ષેત્રના તમામ પાસઓનો અભ્યાસ કરવામાં આવેલ નથી તે મર્યાદા બની રહે છે.

## સંદર્ભસૂચિ

૧. season and crop report, Directorate of Agriculture, Gujarat state, Gandhinagar

૨. ઋતું અને પાક અહેવાલ, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીની કચેરી, પોરબંદર

3. જિલ્લાની આંકડાકીય રૂપરેખા વર્ષ ૨૦૧૬-૧૭, પોરબંદર

૪. District Census Handbook, Porbandar